**ક્રિ. કે. નં.૩૬૦૦૨૭૭/૨૦૧૫**

**: આંક – ૧ લગત હુકમ :**

1. ફરિયાદી, દ્વારા હાલની ફરિયાદ, આરોપી વિરૂદ્ધ ધી. એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબ સને ૨૦૧૫માં દાખલ કરેલ છે. જે બાદ આરોપીને બતાવેલ સરનામે પ્રોસેસ ઈસ્યુ કરતા તે બજેલ નથી. વધુમાં રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદી ફરિયાદ દાખલ કર્યા બાદ કયારેય હાજર રહેલ નથી. આજરોજ વિ.વ.શ્રી દ્વારા સમન્સ રી ઈસ્યુ કરવા અરજી આપેલ છે. પરંતુ કામ નવિન સરનામું રજૂ કરવા માટે હોય અરજી ના મંજુર કરવામાં આવેલ છે. આજરોજ ફરિયાદી હાજર નથી કે તેઓ દ્વારા કોઈ સરનામું રજૂ કરવામાં આવેલ નથી. રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદીને સરનામું રજૂ કરવા માટે ૧૦ વર્ષનો સમય આપવા છતા તેઓ દ્વારા કોઈ સરનામું રજૂ કરવામાં આવેલ નથી. આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **2008 AIR SC 2066, S. RAMA KRISHNA Versus RAMI REDDY (D) BY HIS LRS**, ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો, The conduct of the complainant for the said purpose is of immense significance. He cannot allow a case to remain pending for an indefinite period. – નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કરવામાં આવેલ અવલોકન તેમજ રેકર્ડ પરની હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરિયાદી દ્વારા જે કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે જે કાર્યવાહી કરવી જોઈએ તેવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ તેઓને અનેક વખત તકો આપવા છતા હાજર રહેલ નથી વધુમાં ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૬ ની જોગવાઈ ધ્યાને લેતા જયારે ફરિયાદી હાજર ન રહે તો ફરિયાદ કાઢી નાંખવા અત્રેની અદાલતને સત્તા હોવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા તેમજ રેકર્ડ પરની ઉપરોકત નોંધવામાં આવેલ હકીકતો ધ્યાને લેતા હાલની ફરિયાદ કાઢી નાંખવા માટે પુરતુ અને વ્યાજબી કારણ જણાઈ આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

- ફરિયાદીની હાલની ફરિયાદ ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ અન્વયે ફરિયાદીની ગેરહાજરી કારણ સર કાઢી નાંખવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીને છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૯મી જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૬માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર – કોડ નં. જીજે ૦૧૧૨૬